SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 46. ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

*Prajapati Bijalben Rohitbhai*

**પ્રસ્તાવના :**

ભારતની પશ્ચિમ દિશાએ આવેલું ગુજરાત રાજ્ય ઉત્તમ પ્રકારની લોકસંસ્કૃતિ અને ઐતિહાસિક વારસો ધરાવે છે. જેમાં ગુજરાતનાં ભૂભાગન એની બોલી, સંસ્કૃતિ અને વિસ્તારના આધાર વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત છે. આને બીજી રીતે જોવું હોય તો ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ, વાગડ, વાળક, હાલાર, કાનમ, ચરોતર, વઢિયાર, લાટ ખારાપાટ, દંટાવ્ય, ભાલ એમ અનેક પ્રાદેશિક વિસ્તારોની પોતપોતાની વિરાસતો અને સંસ્કૃતિ એમની ઓળખ છે.

ગુજરાત રાજ્યના ઉત્તરે આવેલા ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ પાંચ જિલ્લાઓનો વિસ્તાર ઉત્તર ગુજરાત તરીકે ઓળખાય છે. જેને લોક પરંપરાગત બોલીમાં જતવાડ, નળકાંઠો, દઢાય, ચુવાડ, વઢીયાર, હેંદવાણી, થરાદરી, મેવાસ, ડીસાવર, જાટવાડ, રાધનપુરી, પાટણવાડો, ધાંધર, વાગડ અને વાલમ જેવા વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

**ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય :**

લોકસાહિત્ય એટલે પરાપૂર્વથી ઉતરી આવેલ લોકસ્મૃતિએ વાગોળાતું, રમતું, લોકકંઠે જીવંત રહેલું સાહિત્ય. લોકસાહિત્યના કોઈ ચોક્કસ કર્તા નથી. આતો, પેઢી દર પેઢી વારસામાં મળેલ અમૂલ્ય ભેટ છે. જે આપણને આપણા બાપ-દાદાએ આપેલ કંઠસ્થ પરંપરાને સમાજે અર્પણ કરી છે.

લોકસાહિત્ય એ લોકસંસ્કૃતિનો જ ભાગ છે. જે લોકો દ્વારા સમાજને વિવિધ સ્વરૂપોમાં આપવામાં આવી છે.

**ઉત્તર ગુજરાતની લોકકથા :**

લોકસાહિત્યનો સૌથી વધુ જો કોઈ પ્રકાર સંશોધિત થયો હોય તો તે છે લોકકથાઓ અને લોકકથાઓનો વિશ્વકક્ષાએ પણ વધુ અભ્યાસ થયો છે. ગુજરાતમાં લોકસાહિત્યમાં લોકકથાની વાત કરીએ તો સૌથી વધુ લોકકથાઓનું સંપાદન, સંશોધન અને અભ્યાસ કોઈ પ્રદેશમાં થયો હોય તો તે સૌરાષ્ટ્ર છે. ત્યાગ, વીરતા, બલિદાન અથવા બહારવટા કે સંત, શુરા, દાતા અને જાતિ સતી અન્ય સંદર્ભો જે ઘટનાઓ બની છે. જેને મૂલ્ય અને નૈતિકતાની સ્થાપનાનું કામ કર્યું છે. ઉત્તર ગુજરાતની મહત્વની લોકકથાની યાદી આ રીતે છે.

પારકી નાત અને એમાંય પણ વેપારી જાત એવાં વાણિયાનાં સંઘની રક્ષા માટે શહીદ થનાર વીર અર્જુનસિંહ કે પટેલ જેવી ખેતી કે મહેનત માટે પંકાયેલી રુજુ અને સંયમી કોમ પાટીદારની વીરતાને નવાજતી જીવામર્દ જીવો, બાળચંદની કે જેણે પોતાને મારવા આવેલા ઠાકોરોમાંથી સાતનાં તલવારથી ધડ કાપીને અલગ કર્યા. તે કથા આજે પણ લાડોલ ગામના લોકો તેને યાદ કરીને કુતકૃત્ય થાય છે.

પારકી છટ્ટીનાં જાગતલ, ડંખીલો દાદભા, મંગળાભાની મરદાનગી, વીર વાસીયાદાદા, વીર વાછડોદાદો, ભડવીર ભીમોજી, કુંવર અળવીલો, રાજા અને ગઢવની શરત દૂદોને દુદણસી, રાણો રાજપૂત, અમરસંગ, આખલીવાળા, કોના નસીબનું ફળ, રોટલાનું પૂન કાળજુ, પતિ કોણ, ચાર ભાઈબંધો, તલ કળ તલ ધોળા, નાગ અને વેઢ, દીપા ઝાંપડીની વાત, ભલો અને ભૂડો જેવી મહેસણ, સબરકંઠ, બનાસકાંઠાની વિસ્તારની લોકકથાઓ છે.

**ઉત્તર ગુજરાતના લોકગીતો :**

લોકસાહિત્યના અભ્યાસનો વ્યાપ એટલો બધો વધી ગયો છે કે જેમાં પ્રદેશ વિશેના લોકગીતોના સંપાદનો ઘણાબધા જોવા મળે છે. હવે સમય જતા સમાજ કોમ જાતિ વિશેના લોકગીત સંશોધિત અને સંપાદિત થવા લાગ્યા છે.

ઉત્તર ગુજરાતમાં ગાવામાં આવતાં લોકગીતની પંક્તિ રજુ કરું.

"ક્યિા તે ગામનો વાસી, સોનાજી
ક્યિા તે ગામનો વાસી રે લોલ
પેપળું ગામનો વાસી સોનાજી"

અમદાવાદના વડનગરા નાગરસ્ત્રીઓમાં ગવાતા ગીતો, ભીલોના ગીતો, નળકાંઠાના પઢોરાના, ઉત્તર ગુજરાતના ઠાકોરનો "રાતો રે રંગ કેવડો" વગેરે...

ઉત્તર ગુજરાતના જુદા જુદા વિસ્તારો, જાતિ, બોલીઓ, રીવાજો, માન્યતાઓ અને સંસ્કૃતિના આધારિત પ્રસંગોચિત કાળક્રમે ગીતો, લોકગીતો, રાસડા, ફટાણા, લગ્નગીતો, મરસીયા વગેરે ગવાય છે.

**ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યકારો (સંશોધક)**

શાંતિભાઈ આચાર્ય, કનુભાઈ જાની, મફત રણેલાકર, પ્રેમજીભાઈ પટેલ, ડૉ. ભગવાનદાસ પટેલ, ડૉ. અમૃત પટેલ વગેરે...

**ઉત્તર ગુજરાતની લોકસંસ્કૃતિ :**

સંસ્કૃતિ એટલે જીવન જીવવાની કળા.

લોકસંસ્કૃતિ માનવી કે માનવસમૂહનું સર્જન નથી, પણ અનેક લોકજાતિઓનો સમન્વય છે. લોકસાહિત્યનો સીધો સંબંધ લોકસંસ્કૃતિ સાથે રહેલ છે. ઉત્તર ગુજરાત એ પોતાની બોલીના કારણે અલગ ઓળખાણ ધરાવે છે. ઉત્તર ગુજરાતમાં મુખ્યત્વે રબારી, પટેલ, ચૌધરી આદિવાસી, પ્રજાપતિ, બ્રાહ્મણ વગેરે જ્ઞાતિના લોકો વસે છે. જેમનાં પોતાના અલગ રીતરિવાજ અને પરંપરાઓ છે એમની આગવી ઓળખાણ ધરાવે છે.

પ્રાચીન ગુજરાતી ભાષાનો જ્યારે જન્મ થયો ત્યારે ઉત્તર ગુજરાત સત્તાનું કેન્દ્ર હતું. આ પ્રદેશમાં જે ભાષા બોલાય છે તે પટણી બોલી કે ઉત્તર ગુજરાતની બોલી તરીકે ઓળખાય છે. આ બોલીમાં ભીલી બોલીના લક્ષણો પણ મળે છે. આ બોલીમાં પણ જિલ્લા પ્રમાણે ભેદ જોવા મળે છે.

ઉત્તર ગુજરાતના વિવિધ મંદિરો સ્થાપત્ય કલાના ઉત્તમ નમુના છે. જેમાં તારંગાના મંદિરો, અઠૈરનું ગણપતિ મંદિર, ઉંઝા ઉમીયા માતાનું મંદિર વગેરે પાટણની રાણકીવાવ, પોલો ફોરેસ્ટ વિજયનગરના મંદિરો, એ શિલ્પ સ્થાપત્યનો ઉત્તમ વારસો છે. પાટણા પટોળા એ હસ્તકલા સંસ્કૃતિમાં દુનિયાભરમાં ગુજરાતનું નામ મોખરે કર્યું છે.

ઉત્તર ગુજરાતમાં ભળતા મેળા એ લોકસંસ્કૃતિનો સમન્વય છે. લોકમેળામાં ગવાતા ગીતો, ઉજવા માટેના રિવાજો એ દરેક અલગ અને પ્રસંગોચિત હોય છે.

- શામળાજીનો મેળો, સિદ્ધપુરનો કાર્તિકેય મેળો, જાદરનો મેળો, અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો

આજના આધુનિક સમયમાં જ્યારે લોકો પશ્ચિમના પ્રભાવમાં આવીને પોતાનો પહેરવેશ બદલી રહ્યા છે, ત્યારે ઉત્તર ગુજરાતના ગામડામાં આજે પણ ઘણી બધી જ્ઞાતિ જેમ કે, રબારી, ચૌધરી, ભરવાડ અને ઠાકોર સમાજની સ્ત્રીઓ પોતાની સંસ્કૃતિન અનુસરતા પોષાક પહેરે છે.

દા.ત. ચૌધરી સમાજની સ્ત્રીઓ લાલ રંગનો ઘેરવારો ગાગરો પહેરે છે. આ પોષાક એમના સમાજની આગવી સંસ્કૃતિ છે, જે એમને અલગ ઓળખાણ આપે છે.

ઉત્તર ગુજરાતમાં અલગ-અલગ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. જેમાં તેમના પ્રસંગોમાં લગ્નગીતો, સિંમતના ગીતો, હાલરડા, મરસીયા, ફટાણા, વધાઈના ગીતો, આજે પણ સંસ્કૃતિને જાળવી રાખે છે. સંસ્કૃતિ એ લોકોને પોતાના સમાજ અને લોકોને રીત-રિવાજ સાથે જોડી રાખવાનું કામ કરે છે.

**સંદર્ભ**

લોકસાહિત્ય તત્વ અને તંત્ર, સંપા. અમૃત પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. 2014
રૂપેણકાંઠાના શૂરવીરો, મફત રણેલાકર
ગુજરાતનાં લગ્નગીતો, સંપા. વિનાયક રાવલ